નેશનલ બુક ટ્રસ્ટ, ઇન્ડિયા

# સંવાદ

વર્ષ 1 અંક 1

જાન્યુઆરી–માર્ચ 2009

## અંદરનાં પાને


- સૂરતમાં રાષ્ટ્રીય પુસ્તક સપ્તાહ સમારોહ યોજાયો — 2
- નિયામકની કલમે — 3
- 'નહેરુ ભવન'માં બાળવાર્તા કથન કાર્યક્રમનું આયોજન
- ભારતમાં આધુનિક શિક્ષણના નિર્માતા : અબુલ કલામ આઝાદ
- નેશનલ બુક ટ્રસ્ટ વિશે — 4
- રાષ્ટ્રીય પુસ્તક સપ્તાહની ઉજવણી
- 'નહેરુ ભવન'નું ઉદ્‌ઘાટન — 5
- વિએતનામના મુલાકાતી
- ટ્રસ્ટનાં નવાં ગુજરાતી પ્રકાશનો — 6
- વડોદરા પુસ્તક મેળો — 7
- રાષ્ટ્રીય પુસ્તક મેળો : પટણા
- રાષ્ટ્રીય પુસ્તક મેળો : પૂણે
- પ્રકાશન તાલીમ કોર્સ — 8
- બાળસાહિત્ય પુસ્તકાલય ચર્ચા
- ટ્રસ્ટનાં કેટલાંક આયોજનો વિશે
- સાભાર સ્વીકાર


## પ્રજાસત્તાક દિન સમારોહ

પ્રજાસત્તાક દિન અવસરે નેશનલ બુક ટ્રસ્ટના નવા કાર્યાલય પરિસર 'નહેરુ ભવન'માં ધ્વજવંદન કાર્યક્રમ યોજાયો. 23 જાન્યુઆરી 2009ના રોજ યોજાયેલ સમારોહમાં ટ્રસ્ટના અધ્યક્ષ પ્રો. વિપિન ચન્દ્રાએ રાષ્ટ્રધ્વજ ફરકાવ્યો.

આ પ્રસંગે દેશભક્તો પ્રત્યે શ્રદ્ધાંજલિ વ્યક્ત કરતાં પ્રો. ચન્દ્રાએ સ્વાતંત્ર્ય–સંગ્રામની ઐતિહાસિક પળો પણ યાદ કરી. તેમણે કહ્યું કે કોંગ્રેસના ઐતિહાસિક લાહોર અધિવેશન ટાણે નવો અપનાવાયેલ ત્રિરંગો ઝંડો લહેરાવાયો હતો.

ટ્રસ્ટનાં નિયામક શ્રીમતી નુજહત હસને આ પ્રસંગે કહ્યું કે આપણે દેશ માટે લોકોએ આપેલી કુરબાની કદાપિ ભૂલવી ન જોઈએ.

ધ્વજવંદન પછી રાષ્ટ્રગાન પ્રસ્તુત કરવામાં આવ્યું. આ અવસરે ટ્રસ્ટનાં કર્મચારીઓએ રાષ્ટ્રગીત ગાયું તેમ જ સાંપ્રદાયિક સદ્‌ભાવ અને એકતા કેટલાંક દેશભક્તિ ગીતો રજૂ કર્યાં હતાં.









: નવું સરનામું :

**નેશનલ બુક ટ્રસ્ટ, ઇન્ડિયા**

'નહેરુ ભવન' 5, ઇન્સ્ટીટ્યૂશનલ એરિયા
વસંત કુંજ ફેસ-II, નવી દિલ્હી-110070

ફોન : 24156000 ફૅક્સ : 91-11-26121883
વૅબસાઈટ : www.nbtindia.org.in
ઈમેઈલ : nbtindia@ndb.vsn.net.in

# સૂરતમાં રાષ્ટ્રીય પુસ્તક સપ્તાહ સમારોહ યોજાયો



પુસ્તક લોકાર્પણ પ્રસંગે (ડાબેથી) ડૉ. શશીકાન્ત શાહ, ડૉ. ભગવતીકુમાર શર્મા, શ્રી નાનુભાઈ નાયક, શ્રી રઘુવીર ચૌધરી, ડૉ. રેણુકા શ્રીરામ સોની, શ્રી ભાગ્યેન્દ્ર પટેલ, શ્રી દીપક મહેતા અને શ્રી જનક નાયક

નેશનલ બુક ટ્રસ્ટ અને સાહિત્ય સંગમના સંયુક્ત ઉપક્રમે સૂરતમાં રાષ્ટ્રીય પુસ્તક સપ્તાહ સમારોહ યોજાયો. સાહિત્ય સંગમ, ગોપીપુરાના સંસ્કાર હૉલ ખાતે આ કાર્યક્રમમાં નેશનલ બુક ટ્રસ્ટનાં ત્રણ પુસ્તકોનું વિમોચન કરાયું. સવારે 10થી સાંજે સાડા પાંચ વાગ્યા સુધી જુદાં જુદાં સત્રો હેઠળ ગુજરાતી કવિતા, ટૂંકીવાર્તા અને બાળ –સાહિત્ય પર પરિસંવાદમાં રસપ્રદ ચર્ચાગોષ્ઠી થઈ હતી.

જાણીતા સાહિત્યકાર શ્રી ભગવતીકુમાર શર્માએ સમારોહનું ઉદ્‌ઘાટન કરતાં પુસ્તક સંસ્કૃતિ પર પોતાના વિચાર રજૂ કર્યા. અગ્રણી પુસ્તક પ્રકાશક–પ્રસારક શ્રી નાનુભાઈ નાયકે પ્રાસંગિક વક્તવ્યમાં નેશનલ બુક ટ્રસ્ટની બહુવિધ પ્રવૃત્તિઓનો ઉલ્લેખ કરતાં ટ્રસ્ટની કામગીરીને બિરદાવી હતી. પ્રસિદ્ધ ચિંતક અને કેળવણીકાર ડૉ. શશિકાન્ત શાહે પુસ્તક વાચનની મહત્તા પર પ્રકાશ પાડ્યો હતો.



સુશ્રી સંસ્કૃતિ દેસાઈ



શ્રી નયન દેસાઈ



શ્રી હરીશ મંગલમ



ડૉ. વિજય શાસ્ત્રી



શ્રી રવીન્દ્ર પારેખ



ડૉ. રમેશ ઓઝા

આ પ્રસંગે 'ઉત્તરાયણ : 1947થી 2000 સુધીની ગુજરાતી કવિતાનો પ્રતિનિધિ સંચય' (સંપાદન : દીપક મહેતા), 'ગોપીનાથ મહાંતિની ટૂંકીવાર્તાઓ' (અનુવાદ : રેણુકા સોની) અને 'સિંહ અને શેળો' (અનુવાદ : ભાગ્યેન્દ્ર પટેલ) પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું. શ્રી ભગવતીકુમાર શર્માએ 'ગોપીનાથ મહાંતિની ટૂંકીવાર્તાઓ', શ્રી નાનુભાઈ નાયકે 'સિંહ અને શેળો' અને શ્રી રઘુવીર ચૌધરીએ 'ઉત્તરાયણ' પુસ્તકનું લોકાર્પણ કર્યું.

પ્રસિદ્ધ સાહિત્યકાર શ્રી રઘુવીર ચૌધરીના પ્રમુખસ્થાને 'ગુજરાતી કવિતાની ગઈકાલ અને આજ' વિષય પર ચર્ચા થઈ. જેમાં શ્રી દીપક મહેતાએ તેમના સંપાદન 'ઉત્તરાયણ' (કાવ્યસંગ્રહ) પુસ્તકનો પરિચય આપ્યો. સુશ્રી સંસ્કૃતિરાણી દેસાઈએ ગુજરાતી કવિતાનો વિવેચનાત્મક ચિતાર રજૂ કર્યો. શ્રી નયન દેસાઈ ગુજરાતી ગઝલનો ભારે રસપ્રદ શૈલીમાં આસ્વાદ કરાવ્યો. જાણીતા કવિ શ્રી હરીશ મંગલમે દલિત કવિતાનો સચોટ પરિચય આપતી કેટલીક રચનાઓ સંભળાવી. આ સત્રમાં સર્વશ્રી બકુલેશ દેસાઈ, કિરણ ચૌહાણ અને ગૌરાંગ દેસાઈ તેમજ સુશ્રી રીના મહેતાએ પોતાનાં કાવ્યોનું પઠન કર્યું. પ્રમુખસ્થાનેથી શ્રી રઘુવીર ચૌધરીએ આરંભે ગુજરાતી કવિતાની બહુવિધ લાક્ષણિકતાની ભૂમિકા રજૂ કરી તેમ જ અંતે વક્તાઓએ રજૂ કરેલા વિચારો પર તેમની સમીક્ષા સાથે સત્રનું સમાપન થયું હતું. આ સત્રનું આખું વાતાવરણ કાવ્યમય થઈ ગયું હતું.

બપોર પછીનું સત્ર 'ગુજરાતી વાર્તાવિમર્શ'નું હતું. જેમાં શ્રી ભગવતીકુમાર શર્માની અધ્યક્ષતામાં ગુજરાતી વાર્તા પર તલસ્પર્શી ચર્ચા થઈ. જાણીતા કેળવણીકાર અને વિવેચક શ્રી રમેશ ઓઝાએ ગુજરાતી વાર્તાના આરંભકાળથી લઈને આધુનિક વાર્તા અને જેમાંય ખાસ કરીને લોકબોલીમાં લખાતી વાર્તા સુધીની વાર્તાયાત્રાનો સુરેખ ચિતાર આપ્યો. તેમણે ધૂમકેતુ, રામનારાયણ વિ. પાઠક, સુંદરમ, ઉમાશંકરજોષી વગેરે વાર્તાકારોના વાર્તાકલાકસબ તથા શૈલી અંગે પણ સદૃષ્ટાંત છણાવટ કરી. પ્રસિદ્ધ વાર્તાકાર ડૉ. વિજય શાસ્ત્રીએ ગુજરાતી વાર્તાના વિવિધ સીમાસ્તંભોનો ઉલ્લેખ કરતાં લેખક અને ભાવકના સંબંધસેતુનું બારીકાઈથી વર્ણન કર્યું. જાણીતા લેખક અને પુસ્તક પ્રસારક શ્રી જનક નાયકે પોતાની સર્જનયાત્રાની કેફિયત રજૂ કરી. જેમાં તેમણે વાર્તાલેખકની જવાબદારીઓ અને મર્યાદા વિશેનો સચોટ ખ્યાલ આપ્યો. લેખક અને પત્રકાર શ્રી રવીન્દ્ર પારેખે વાર્તાનાં વિષય વૈવિધ્ય તેમ જ વાર્તામાંડણી બાબતે પ્રકાશ પાડ્યો. અનુવાદિકા ડૉ. રેણુકા સોનીએ પ્રખ્યાત ઓડિયા લેખક ગોપીનાથ મહાંતિની સર્જનયાત્રાનો પરિચય રજૂ કરતાં ઉડિયા ભાષાસાહિત્યનો પણ તુલનાત્મક ખ્યાલ આપ્યો.

અંતિમ સત્ર 'આજનું બાળક અને બાળ –સાહિત્ય' વિષય પર કેન્દ્રીત હતું. પ્રસિદ્ધ બાળ સાહિત્યકાર ડૉ. ઈશ્વર પરમારે સમકાલીન બાળ સાહિત્ય સર્જન પર એક વેધક દૃષ્ટિ નાખતાં કહ્યું કે આજે આપણે શશી પર પહોંચ્યા છીએ પરંતુ હજી આપણે શિશુ સુધી નથી પહોંચી શકયા. જાણીતાં લેખિકા શ્રીમતી અરૂણિકા દરૂએ પણ પોતાના વિવિધ અનુભવોના વર્ણન સાથે વિચારો રજૂ કર્યા. પ્રસિદ્ધ શિક્ષણવિદ્ અને સમીક્ષક ડૉ. અશ્વિન દેસાઈએ આ સત્રના પ્રમુખસ્થાનેથી ભારે રસપ્રદ અને હળવી શૈલીમાં કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. આ સત્ર દરમિયાન શ્રોતાગણમાંથી પણ વિચારો વ્યક્ત થયા હતા. નેશનલ બુક ટ્રસ્ટના ગુજરાતી સહાયક સંપાદક શ્રી ભાગ્યેન્દ્ર પટેલે પ્રારંભે સ્વાગત કર્યું તેમ જ કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. મોટી સંખ્યામાં આબાલવૃદ્ધ સાહિત્યરસિકોએ સમાન રુચિથી આ કાર્યક્રમ માણ્યો અને અવસરને એક ઉત્સવ રૂપે વધાવી લીધો હતો. સ્થળ પર એનબીટી પુસ્તક–પ્રદર્શન પણ યોજાયું હતું.



બાળસાહિત્ય સત્રમાં ડૉ. અરૂણિકા દરૂ, ડૉ. અશ્વિન દેસાઈ અને ડૉ. ઈશ્વર પરમાર

## નિયામકની કલમે...



વીતેલું વર્ષ 2008 અમારા માટે અનેક રીતે યાદગાર બની ગયું. એક તો એ કે આખા એક વર્ષ સુધી ચાલેલા સુવર્ણજયંતી વર્ષની ઉજવણી પૂરી થઈ, બીજું કે અમે અમારા પોતાના નવા કાર્યાલય 'નહેરુ ભવન'માં આવ્યાં અને ત્રીજું એ કે પ્રકાશન વિકાસના અમારા સતત પ્રયાસો વધુ સુદૃઢ બન્યા.

સુવર્ણજયંતી વર્ષના ઉપલક્ષ્યમાં નેશનલ બુક ટ્રસ્ટે એક મહત્વની પુસ્તક શ્રેણી 'સુવર્ણજયંતી પુસ્તકમાળા' શરૂ કરી. આ શ્રેણી હેઠળ 23 ભારતીય ભાષાઓમાં સ્વતંત્રતા પછીનાં વાર્તા, કવિતા અને નાટકોનાં સંકલનોનું પ્રકાશિત કરવામાં આવે છે. આ શ્રેણીમાં કુલ 55 સંકલનો પ્રકાશિત કરવાની યોજના છે. આ શ્રેણીમાં તમામ ભારતીય ભાષાઓ સામેલ છે આ શ્રેણીનાં પુસ્તકોમાં વાચકો આઝાદી પછીના સામાજિક, આર્થિક, રાજકીય તથા સાંસ્કૃતિક હિલચાલ અને પરિવર્તનોનો પડઘો તેમ જ સમાજની પ્રગતિશીલ ચેતનાનું પ્રતિબિંબ યથાર્થ રૂપે અનુભવી શકશે. આ સંકલનોના મૂળ ભાષામાં પ્રકાશન ઉપરાંત અન્ય ભારતીય ભાષાઓમાં એના અનુવાદ પણ પ્રકાશિત કરાનાર છે જેથી અન્ય ભાષાનાં વાચકોને એકબીજી ભાષાના સાહિત્યનો પરિચય મળી રહેશે.

પ્રકાશનનો વ્યાપ વધારવાના સતત પ્રયાસોના જ એક ભાગ રૂપે અમે અત્યાર સુધીમાં 170થી વધુ શીર્ષકનાં પુસ્તકો બ્રેઈલ લિપિમાં પ્રકાશિત કર્યાં. આ ચૂંટેલાં પુસ્તકો ન કેવળ અંગ્રેજી અને હિન્દી બલ્કે ગુજરાતી, કન્નડ, તમિળ, મલયાલમ અને મરાઠી ભાષામાં પ્રગટ કર્યાં છે. અગાઉ ટ્રસ્ટે એક પ્રયોગ લેખે અમે વિવિધ કૌશલ્ય ધરાવતાં બાળકોને માટે કેટલાંક બાળપુસ્તકોનું ચિત્રકળાને લગતાં (Tactile) પુસ્તકોનું પણ પ્રકાશન કર્યું છે. નવસાક્ષરો માટેના સાહિત્યના વિકાસમાં પણ અમને નોંધપાત્ર સફળતા મળી છે. આ પુસ્તકો દેશના વિવિધ ભાગોમાં ગામડાંઓમાં જઈ નવસાક્ષરો દ્વારા વાચનપરીક્ષણ કરાવ્યા પછી તૈયાર કરવામાં આવે છે. એ જણાવતાં વિશેષ આનંદ થાય છે કે આ પુસ્તકો તેઓની દૈનિક વાચનસમગ્રીમાં સ્થાન ધરાવે છે. વાચકોમાં ભારે લોકપ્રિયતા ધરાવનાર લોકોપયોગી વિજ્ઞાન અને તેમાંય અદ્યતન ટેકનોલોજી તથા ભારત દેશ અને લોકો પર કેન્દ્રીત વિષયોનાં પુસ્તકોને અમારા પ્રકાશન કાયક્રમમાં વિશેષ સ્થાન અપાય છે. આ રીતે દરેક ભાષામાં દરેક વિષય પર પુસ્તકોનો એકંદર સેટ ઉપલબ્ધ કરાવવામાં અમને ઠીક ઠીક સફળતા મળી છે.

મને ખુશી છે કે આ નવા વરસમાં આ ત્રિમાસિક ગુજરાતી પત્રિકા **સંવાદ**નું પ્રકાશન એક નવા સ્વરૂપ અને કલેવર સાથે ફરી શરૂ થાય છે. આપની પ્રતિક્રિયા તેમ જ સૂચનોનું અમે સ્વાગત કરીશું.

નવું વર્ષ સુખમય હર્ષમય હજો!

— નુજ્હત હસન

## નહેરુ ભવનમાં બાળવાર્તાકથન કાર્યક્રમનું આયોજન




(ડાબેથી) શ્રી જગદીશ જોષી, સુશ્રી દીપા અગ્રવાલ, શ્રીમતી ક્ષમા શર્મા, પ્રો. વિપિન ચન્દ્રા, શ્રીમતી નુજ્હત હસન અને શ્રી માનસરંજન મહાપાત્ર

રાષ્ટ્રીય પુસ્તક સપ્તાહ (14-20 નવેમ્બર 2008) નિમિત્તે નવી દિલ્હીમાં નેશનલ બુક ટ્રસ્ટ કાર્યાલય 'નહેરુ ભવન' ખાતે બાળકો માટે વાર્તાકથન સપ્તાહનું આયોજન થયું. ટ્રસ્ટના અધ્યક્ષ પ્રો. વિપિન ચન્દ્રાએ 14મી નવેમ્બરે આ કાર્યક્રમનું ઉદ્‌ઘાટન કર્યું.

આ પ્રસંગે તેમણે કહ્યું કે વાર્તાકથનનો આ ઉત્સવ બાળદિન નિમિત્તે પંડિત જવાહરલાલ નહેરુને એક શ્રદ્ધાંજલી છે જેઓ નેશનલ બુક ટ્રસ્ટના સ્થાપક હતા. તેમણે કહ્યું કે આપણે એમનું સ્વપ્ન સાકાર કરવાનું છે તેમ જ તેમનું અભિયાન પરિપૂર્ણ કરવાનું છે. પ્રો. ચન્દ્રાએ કહ્યું કે દેશમાં પુસ્તક—વાચન સંસ્કૃતિના નિર્માણમાં નહેરુજીએ એક મહત્વની ભૂમિકા અદા કરી હતી. એમનો જન્મદિન બાળદિવસ તરીકે ઉજવતાં આપણને એમના વિચારોનો ફેલાવો કરવાની તક મળે છે.

આ પ્રસંગે ટ્રસ્ટનાં નિયામક શ્રીમતી નુજ્હત હસને અતિથિઓનું સ્વાગત કરતાં કહ્યું કે વાર્તાકથન આપણા વિચારો વ્યક્ત કરવાનું એક માધ્યમ છે. ઉદ્‌ઘાટન સમારોહમાં પ્રખ્યાત ચિત્રકાર શ્રી જગદીશ જોષી તથા બાળસાહિત્યકાર સુશ્રી દીપા અગ્રવાલ અને શ્રીમતી ક્ષમા શર્માએ પણ પોતાના વિચારો તથા બાળ સાહિત્યલેખન તેમ જ વાર્તાકથનના પોતાના અનુભવો રજૂ કર્યા. ટ્રસ્ટના રાષ્ટ્રીય બાલ સાહિત્ય કેન્દ્રના સંપાદક શ્રી માનસ રંજન મહાપાત્રે કાર્યક્રમનું સંચાલન કર્યું હતું.

'નહેરુ ભવન' પરિસરમાં વાર્તાકથન કાર્યક્રમની સાથોસાથ પુસ્તક પ્રદર્શન પણ યોજાયું. અત્રે રાષ્ટ્રીય પુસ્તક સપ્તાહના દેશવ્યાપી ઉદ્‌ઘાટન સાથે જ ટ્રસ્ટ દ્વારા આ સપ્તાહ દરમિયાન દેશના વિવિધ ભાગોમાં બાળકો અને બાળસાહિત્ય પર કેન્દ્રીત પરિસંવાદ, પુસ્તક વિમોચન સમારંભ, કાર્યશિબિર, પુસ્તક પ્રદર્શન વગેરે પુસ્તક સંબંધી અનેકવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું. ગુજરાતમાં સૂરત, કર્ણાટકમાં દેવનગર, ઓરિસ્સામાં ધેનકાનલ, ઉત્તરપ્રદેશમાં ગોરખપુર, મધ્યપ્રદેશમાં છત્તરપુર, પશ્ચિમ બંગાળમાં હુગલી અને આંધ્રપ્રદેશમાં રાજામુન્દ્રી વગેરે સ્થળોએ વિવિધ કાર્યક્રમો યોજાયા.

## ભારતમાં આધુનિક શિક્ષણના નિર્માતા : મૌલાના આઝાદ

ભારત સરકારે સ્વતંત્ર ભારતના પહેલા શિક્ષણ મંત્રી મૌલાના અબુલ કલામ આઝાદનો જન્મદિવસ 11 નવેમ્બર દેશભરમાં દરવર્ષે **'રાષ્ટ્રીય શિક્ષણ દિન'** તરીકે ઉજવવાનું નક્કી કર્યું છે. પ્રથમ રાષ્ટ્રીય શિક્ષણ દિવસ સમારોહનું આયોજન કેન્દ્રીય માનવ સંસાધન વિકાસ મંત્રાલય દ્વારા 11 નવેમ્બર 2008ના રોજ નવી દિલ્હીમાં વિજ્ઞાન ભવન ખાતે યોજાયો હતો. રાષ્ટ્રપતિ શ્રીમતી પ્રતિભા દેવીસિંહ પાટીલના હસ્તે એનું ઉદ્‌ઘાટન થયું હતું. આ અવસરે નેશનલ બુક ટ્રસ્ટ દ્વારા હિન્દી અને અંગ્રેજીમાં પ્રકાશિત પુસ્તક 'નહેરુ એન્ડ આઝાદ ઓન 1857' તથા 'મૌલાના અબુલ કલામ આઝાદ : નાદિર તહરીરેં' ઉર્દૂ પુસ્તકનું વિમોચન થયું હતું. આ પ્રસંગે નેશનલ બુક ટ્રસ્ટ દ્વારા 'મૌલાના અબુલ કલામ આઝાદ ભારતમાં આધુનિક શિક્ષણના નિર્માતા' શીર્ષકનું એક તસવીર પ્રદર્શન પણ યોજાયું હતું. પછીથી આ પ્રદર્શન રાષ્ટ્રીય પુસ્તક સપ્તાહ (14-20 નવેમ્બર) દરમિયાન નેશનલ બુક ટ્રસ્ટના કાર્યાલય 'નહેરુ ભવન', વસંતકુંજ ખાતે જાહેર જનતાના માટે ખુલ્લું મુકવામાં આવ્યું હતું.



**દરેક વ્યક્તિનો એ જન્મસિદ્ધ અધિકાર છે કે તેને ઓછામાં ઓછું પ્રારંભિક શિક્ષણ તો મળી રહે, કારણ કે જેના વગર તેનાથી એક નાગરિક તરીકે પોતાનાં કર્તવ્ય પૂરી રીતે નથી નિભાવી શકાતું.**

—મૌલાના અબુલ કલામ આઝાદ

**રાષ્ટ્રીય શિક્ષણ દિન : 11 નવેમ્બર**

# નેશનલ બુક ટ્રસ્ટ, ઇન્ડિયા વિશે



''નેશનલ બુક ટ્રસ્ટ, ઇન્ડિયા વાજબી કિંમતે સારાં પુસ્તકો ઉપલબ્ધ કરાવશે અને દેશના અસંખ્ય લોકોને માટે પુસ્તકો વાંચવા તેમ જ પુસ્તકો ખરીદવાનું વાતાવરણ તૈયાર કરશે... પુસ્તકોની ખરીદી અને વાચનના માર્ગમાં આવતા સામાન્ય અવરોધો ટાળવાનું એક 'પુસ્તક રુગ્ણાલય' સમાન બની રહેશે.''

1 ઑગષ્ટ 1957

ભારત સરકારના શિક્ષણ ખાતા હેઠળ 1957માં નેશનલ બુક ટ્રસ્ટ, ઇન્ડિયાની સ્થાપના થઈ હતી. 'એનબીટી'ના ટૂંકા નામે પણ આ સંસ્થા બહુ જાણીતી છે. સ્વતંત્ર ભારતના સર્વપ્રથમ પ્રધાનમંત્રી શ્રી જવાહરલાલ નહેરુએ ઉત્તમ સાહિત્યનું પ્રકાશન કરી સમાજમાં વાચન સંસ્કૃતિને ઉત્તેજન આપવાના આશયથી આ સંસ્થાની સ્થાપના કરેલી. અંગ્રેજી સહિત તમામ મુખ્ય ભારતીય ભાષાઓમાં વાજબી કિંમતે પુસ્તકો ઉપલબ્ધ કરાવવાના એમના ઉદ્દેશને ટ્રસ્ટ અનુસરી રહેલ છે. આની સાથોસાથ ટ્રસ્ટ દેશનાં શહેરો તેમ જ દૂરસુદૂરના વિસ્તારોમાં પુસ્તક સંબંધી વિવિધ સાહિત્યિક પરિસંવાદ, કાર્યશિબિરો, પુસ્તક મેળા, પુસ્તક પ્રદર્શનો વગેરે યોજે છે અન્ય દેશોમાં યોજાતા પુસ્તક મેળાઓ અને પુસ્તક પ્રદર્શનોમાં પણ ભાગ લે છે.

એક ઊડતી નજર નાખીએ તો અત્યાર સુધીમાં ટ્રસ્ટે વિવિધ શ્રેણીઓ અંતર્ગત આશરે 17 હજાર ઉપરાંત શીર્ષકનાં પુસ્તકો પ્રકાશિત કર્યાં છે. અત્યાર સુધીમાં 18 નવી દિલ્હી વિશ્વ પુસ્તક મેળા, 32 રાષ્ટ્રીય પુસ્તક મેળા, 15 બાળ પુસ્તક મેળા, 58 પ્રાદેશિક પુસ્તકોત્સવ અને સાડા સાત હજાર ઉપરાંત હરતાંફરતાં પુસ્તક પ્રદર્શનોનું આયોજન કર્યું છે. વિદેશમાં ભારતીય સાહિત્યના પ્રોત્સાહન કાજે સંસ્થાએ સાડા ત્રણ સો જેટલા આંતરરાષ્ટ્રીય પુસ્તક મેળાઓમાં ભાગીદારી કરી છે. અન્ય મહત્વની પ્રવૃત્તિઓમાં ટ્રસ્ટ દેશના વિવિધ સ્થળોએ પુસ્તક પ્રકાશન તાલીમ કોર્સનું આયોજન કરે છે અને દર વર્ષે 14થી 20 નવેમ્બર દરમિયાન રાષ્ટ્રીય પુસ્તક સપ્તાહની ઉજવણી કરે છે જેમાં કેળવણી તેમ જ સાહિત્યની સંસ્થાઓ પણ જોડાય છે. ટ્રસ્ટ ઉચ્ચ શિક્ષણ માટેનાં તકનીકી પુસ્તકોના પ્રકાશન માટે ખાનગી પ્રકાશકોને પ્રકાશન સહાય પણ આપે છે.

ગુજરાતમાં નિયમિતપણે ટ્રસ્ટની પ્રવૃત્તિઓ થતી રહે છે. 1977માં અમદાવાદમાં રાષ્ટ્રીય પુસ્તક મેળો યોજાયેલો તે પછી 1997 અને 2006માં યોજાયો હતો. 2003માં રાજકોટમાં આવો જ ભવ્ય પુસ્તક મેળો યોજાયો હતો. 1992માં વડોદરામાં પુસ્તકોત્સવ યોજાયેલ અને હાલમાં 27 ડિસેમ્બર 2008થી 4 ડિસેમ્બર 2009 સુધી વડોદરા પુસ્તક મેળો યોજાઈ ગયો. ભાવનગરમાં ખાસ પુસ્તક પ્રદર્શન યોજાયું હતું. રાષ્ટ્રીય પુસ્તક સપ્તાહ દરમિયાન અમદાવાદ, વડોદરા, સૂરત, રાજકોટમાં સમયાંતરે અનેકવાર સાહિત્ય સમારોહ યોજાયા છે. આ જ રીતે અગાઉ મુંબઈ, ભૂજ વગેરે સ્થળોએ પુસ્તક વિમોચન સમારંભ તથા ભરૂચ, નંદીગ્રામ વગેરે સ્થળોએ વિવિધ કાર્યશિબિરોનું આયોજન થયું છે. 2001માં 'પુસ્તક વર્ષ' નિમિત્તે અમદાવાદમાં ગુજરાતી સાહિત્ય પરિષદ ખાતે ખાસ વ્યાખ્યાન સમારોહ યોજાયો હતો. અમદાવાદમાં આઈઆઈએમ ખાતે 2006માં પુસ્તક પ્રકાશન તાલીમ કોર્સ યોજાયેલ અને મે 2008માં ગુજરાત વિદ્યાપીઠ ખાતે બાળસાહિત્ય અનુવાદ કાર્યશિબિર યોજાઈ હતી. ટ્રસ્ટની મોબાઈલ વૅન દ્વારા અત્યાર સુધીમાં કચ્છથી માંડીને સાપુતારા સુધી અને ઉત્તર ગુજરાતથી લઈને દીવ, દમણ અને સેલવાસ સુધી તેમ જ દ્વારકાથી માંડીને દાહોદ સુધી અને આખાય સૌરાષ્ટ્રમાં હરતાંફરતાં પુસ્તક પ્રદર્શનો યોજાયાં છે. આ પ્રકારનાં આયોજનો વિવિધ ભાગોમાં અવારનવાર થતાં રહે છે.

# રાષ્ટ્રીય પુસ્તક સપ્તાહની ઉજવણી



વાર્તાકથન કાર્યક્રમમાં બાળકોને વાર્તા સંભળાવી રહેલાં એક વાર્તાકાર અતિથિ.

'નહેરુ ભવન'માં સપ્તાહભર ચાલેલા વાર્તાકથન કાર્યક્રમ દરમિયાન સુરેખા પાણંદીકર, આબિદ સુરતી, સુબીર રૉય જેવા વાર્તાકલાકારોએ વાદ્યયંત્ર, લોકકલા, વિજ્ઞાનિક પ્રયોગ, વાર્તાચિત્ર, કાર્ટૂન, એકાંકી નાટક, હાસ્ય વગેરે સાથે વાર્તા પ્રસ્તુતિ કરી હતી.



ટ્રસ્ટના અધ્યક્ષ પ્રો. વિપિન ચન્દ્રાએ ટ્રસ્ટના કાર્યાલય 'નહેરુ ભવન' ખાતે બાળદિને પુસ્તકાલય–સહ–પ્રલેખન કેન્દ્રના સ્વચલીકરણ કેન્દ્રનું ઉદ્‌ઘાટન કર્યું.



રાષ્ટ્રીય પુસ્તક સપ્તાહ નિમિત્તે 'નહેરુ ભવન' પરિસરમાં યોજાયેલ પુસ્તક પ્રદર્શન નિહાળતાં ટ્રસ્ટના અધ્યક્ષ પ્રો. વિપિન ચન્દ્રા અને નિયામક શ્રીમતી નુજ્હત હસન.

# 'નહેરુ ભવન' ઉદ્‌ઘાટન સમારોહ





(તસવીરમાં ડાબે) પ્રસિદ્ધ લેખક–પત્રકાર શ્રી ઇન્દર મલ્હોત્રા અને (જમણે) ટ્રસ્ટના અધ્યક્ષ પ્રો. વિપિન ચન્દ્રા ઉદ્‌ઘાટન સમારોહને સંબોધિત કરી રહ્યા છે.

નેશનલ બુક ટ્રસ્ટ, ઇન્ડિયાના નવા કાર્યાલય 'નહેરુ ભવન'નું ઉદ્‌ઘાટન 12 નવેમ્બર 2008ના રોજ થયું. આ પ્રસંગે ટ્રસ્ટના નવા ભવનમાં સંસ્થાપક જવાહરલાલ નહેરુના ચિત્રનું અનાવરણ પણ કરાયું હતું.

આ પ્રસંગે યોજાયેલા ખાસ સમારંભમાં ટ્રસ્ટની સુવર્ણજયંતી પુસ્તકમાળા અંતર્ગત પ્રકાશિત થયેલ પુસ્તકોમાં વિભિન્ન ભાષાઓમાં પ્રકાશિત નવ સાહિત્ય સંચય/સંપાદનો અને બ્રેલ લિપિમાં પ્રકાશિત ચાર પુસ્તકોનું લોકાર્પણ કરવામાં આવ્યું. જેમાં સ્વાતંત્ર્યોત્તર ગુજરાતી વાર્તાઓનું સંકલન 'ઉર્વરા' (સંપાદન : શિરીષ પંચાલ) પુસ્તક સામેલ છે.

આ અવસરે ટ્રસ્ટની એક મહત્વાકાંક્ષી યોજનાની પણ જાહેરાત કરવામાં આવી. નેશનલ બુક ટ્રસ્ટ, ઇન્ડિયા ટૂંક સમયમાં જ યુવાન પેઢીમાં વાચનવિકાસ માટે એક રાષ્ટ્રીય કાર્યયોજના શરૂ કરવાની તૈયારીમાં છે જે 15થી 25 વર્ષ વયના વાચકોની વાચન અભિરુચિ પર કેન્દ્રીત હશે. યુવાન વાચકો માટેની આ કાર્યયોજના અંતર્ગત નેશનલ બુક ટ્રસ્ટ સૌપ્રથમ એક દેશવ્યાપી સર્વેક્ષણ હાથ ધરશે. જેમાં શહેરો અને ગામડાંમાં રહેતાં દસથી ત્રીસ વર્ષના લોકોની વાચન બાબતની સ્થિતિ, રચના, પ્રવૃત્તિઓ અને દૃષ્ટિકોણ વગેરેનો અંદાજ મેળવવામાં આવશે.

ટ્રસ્ટના અધ્યક્ષ પ્રો. વિપિન ચન્દ્રાએ સ્વાગત સંબોધનમાં સંસ્થાની કાર્યપ્રવૃત્તિઓ અને સિદ્ધિઓનો ચિતાર આપ્યો હતો. આ અવસરે પ્રસિદ્ધ લેખક શ્રી ઇન્દર મલ્હોત્રા અને લેખિકા શ્રીમતી મોહિની રાવે તેમના ભાષણમાં ટ્રસ્ટની પ્રવૃત્તિઓને બિરદાવી હતી. મંચ પર 'નહેરુ ભવન'ના આર્કિટેક્ટ શ્રી કન્વીન્દે રાય ચૌધરી પણ ઉપસ્થિત હતા. ટ્રસ્ટનાં નિયામક શ્રીમતી નુજહત હસને કાર્યક્રમનું સંચાલન કર્યું અને અંતે આભારવિધિ કરી હતી. ટ્રસ્ટ સાથે સંકળાયેલા અનેક લેખકો, સંપાદકો, અનુવાદકો, ચિત્રકારો, પ્રકાશકો તેમ જ અન્ય મહાનુભાવો સમારંભમાં હાજર હતા.



ઉદ્‌ઘાટન પ્રસંગે શાળાનાં બાળકોએ પુસ્તક આધારિત સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કર્યો.

## નહેરુ ભવન વિશે



નેશનલ બુક ટ્રસ્ટ, ઇન્ડિયાએ 1957માં નવી દિલ્હીના નિઝામુદ્દીન વિસ્તારમાં એક મકાનમાં કામગીરી શરૂ કરી હતી અને પછી ત્યાંથી સ્થળાંતરિત થઈને વર્ષો સુધી તેનું ગ્રીન પાર્ક ખાતે કાર્યાલય રહ્યું. ટ્રસ્ટનું કાર્યાલય હવે તેની નવી ઈમારતમાં સ્થળાંતરિત થયું છે જે વસંત કુંજ ઔદ્યોગિક વિસ્તારમાં એક હેક્ટર ભૂમિ પર આવેલ છે. ટ્રસ્ટના સ્થાપકના નામ પરથી એનું નામ 'નહેરુ ભવન' રખાયું છે.

આ ભવનમાં મુખ્ય કાર્યાલય, પુસ્તક પ્રદર્શન અને વેચાણ વિભાગ તથા એક અલગ સ્ટોરગૃહ આવેલ છે. ચાર માળના અર્ધગોળાકાર કાર્યાલય ભવન પરિસરમાં એક ખુલ્લું એમ્ફીથિયેટર પણ બનાવાયું છે. આ ભવનમાં 'લેખક ગૃહ' પણ છે. મુલાકાતીઓની સગવડ માટે પુસ્તક વેચાણ વિભાગ તથા બાળસાહિત્ય કેન્દ્ર વગેરે વિભાગ ભોંયતળિયે રખાયા છે. અધ્યક્ષ કાર્યાલય, નિયામક કાર્યાલય, સંપાદકીય વિભાગ, વહીવટી વિભાગ વગેરે પહેલા માળે છે. બીજા અને ત્રીજા માળે પ્રદર્શન, માહિતી પ્રચાર, ટ્રસ્ટનું પુસ્તકાલય અને ઉત્પાદન વગેરે વિભાગ છે. ભવનમાં સમિતિ રૂમ તેમ જ સભાખંડની પણ વ્યવસ્થા છે. આ ભવનની ડિઝાઈન કન્વીન્દે રાય ચૌધરી આર્કિટેક્ટ્સ, નવી દિલ્હીએ કરી છે અને સેન્ટ્રલ પબ્લીક વર્ક્સ ડિપાર્ટમેન્ટ દ્વારા બાંધકામ થયું છે.

## વિએતનામી પ્રતિનિધિમંડળની મુલાકાત



વિએતનામ કમ્યુનિસ્ટ પાર્ટીના રાષ્ટ્રીય રાજકીય પ્રકાશકોની મધ્યસ્થ સમિતિના એક પ્રતિનિધિમંડળે નેશનલ બુક ટ્રસ્ટની મુલાકાત લીધી. બીજી ફેબ્રુઆરીએ આ પ્રતિનિધિમંડળે ટ્રસ્ટના અધ્યક્ષ પ્રો. વિપિન ચન્દ્રાને મળ્યું હતું. પ્રતિનિધિમંડળમાં ઉપ નિયામક અને ઉપ મુખ્ય સંપાદક ડૉ. લે મિન્હ ન્ઘીઆ અને સુશ્રી ન્ગુએન થિ થાન્હ ગ્ઝુઆન તથા અન્ય સભ્ય હતા. પ્રો. વિપિન ચન્દ્રાએ તેઓનું સ્વાગત કરતાં વિએતનામમાં સમકાલીન સામાજિક–રાજકીય વિકાસની હકીકતો રેખાંકિત કરી હતી. આ પ્રસંગે સહ પ્રકાશન, અનુવાદ હકો, આંતરરાષ્ટ્રીય પુસ્તક મેળાઓમાં ભાગીદારી જેવા પરસ્પર હિતના મુદ્દે ચર્ચા થઈ હતી.

# નેશનલ બુક ટ્રસ્ટનાં કેટલાંક નવાં ગુજરાતી પ્રકાશનો

## સ્વાતંત્ર્યોત્તર ગુજરાતી કવિતાનાં બે મહત્વનાં સંપાદનો : 'અક્ષરા' અને 'ઉત્તરાયણ'




સ્વતંત્રતા પછી અડધી સદી ઉપરાંતના સમયગાળામાં ગુજરાતી કવિતાને તેની દિશા-દશા આપનાર ચર્ચિત, સૌંદર્યલક્ષી, સમાજાભિમુખ કે નવમાનવતાવાદી નિવડેલી રચનાઓ આ સંગ્રહમાં સમાવાઈ છે.

દેશ સ્વતંત્ર થયો પછી દેશના ભાગલા પડ્યા. રમખાણો-હુલ્લડો થયાં. મારો-કાપો વચ્ચે હજારોની હિજરત થઈ. આમ આદમી ડઘાઈ ગયો. તે અસલામતી અનુભવવા લાગ્યો. સ્વતંત્રતા પછી જીવન વધુ સ્થિર-સુખમય થશે એવો તેનો આશાવાદ છેતરામણો નીવડ્યો. એમાંથી જનમ્યાં અશ્રદ્ધા, કોમવાદ, પ્રાંતવાદ, અલગતાવાદ. સ્વાતંત્ર્ય મળ્યું તે પહેલાં બબ્બે વિશ્વયુદ્ધો ખેલાઈ ચૂક્યાં હતાં. એટલે વૈશ્વિક પરિસ્થિતિ પણ માનવને ભીંસી રહી હતી. માનવસર્જિત પરિબળોએ જ માનવને અકળાવી મૂક્યો હતો. તે શીર્ણવિશીર્ણતા-છિન્નભિન્નતા, ભયગ્રસ્તતા વચ્ચે એકલતા અનુભવતો શૂન્યમના બન્યો હતો. ચારે તરફ માનવમૂલ્યો હ્રાસ પામતાં પોતે વેદનાગ્રસ્ત, દારૂણ, કલુષિત અને દિશાવિહીન છે એવી લાગણી તેનામાં જન્મી ચૂકી હતી. અનુભવ જગતની આ અભિવ્યક્તિ સ્વાતંત્ર્યોત્તર કવિતામાં આવે છે.

સ્વાતંત્ર્યકાળમાં ગાંધીયુગની સમાજાભિમુખ કવિતા સૌંદર્યલક્ષી બની પૂરજોશમાં વહી રહી. પરંપરાનો પ્રવાહ બદલાયો. વિષય, ભાવ અને અભિવ્યક્તિ પરત્વે અનેક શક્યતાઓ ઊઘડતી રહી. વૈશ્વિક ચેતનાના સ્પર્શે સ્વાતંત્ર્યોત્તર ગુજરાતી સાહિત્યમાં બદલાવ આવ્યો. ભાષાના અવનવાં રૂપો ખીલવા લાગ્યાં અને બોલચાલની તરાહોએ કવિતાનો કલાઘાટ ઘડાયો. પ્રયોગશીલતા અને પ્રયોગખોરીથી અભિવ્યક્તિનાં પરિમાણો બદલાયાં. પાશ્ચાત્ય કવિતાના પ્રભાવે વિશ્વવ્યાપી અનેકવાદો સહિત પ્રદાન, વિષયવસ્તુ, અભિવ્યક્તિ, ભાષા, અલંકારો, પ્રતીકો-કલ્પનો વગેરેથી પરંપરા અને પ્રયોગો વચ્ચે રમમાણ રહેતી કવિતાએ નવાં કલેવર ધર્યાં. યંત્રયુગ, નગરસંવેદના, મનોવિજ્ઞાન, હતાશા-નિરાશા, પ્રેમ, પરંપરા, વિદ્રોહ, દલિત ચેતના, નારી સંવેદના, નીતિમત્તા, કુટુમ્બભાવના વગેરેનાં તીવ્ર સંવેદનો આધુનિક કવિતાના આંતર સ્વરૂપમાં અનુભવાય છે. રૂઢ કાવ્યભાષા બદલાય છે. છંદોમુક્તિ સાથે પદ્યમુક્તિ તરફ કવિતા ગતિ કરે છે. વ્યંગ, કટાક્ષ, વક્રતા અને અભિધાથી કાવ્યત્વ સિદ્ધ કરાય છે. અછાંદસ કાવ્યો લખાવાં લાગે છે. ગદ્યલયના અનેક સ્તર કવિઓની સર્જકતાથી ખૂલવા લાગ્યા. ગદ્યની નવીન તરાહો કવિતામાં ધબકવા લાગી. કવિ અનુભૂતિના ચિત્રવિચિત્ર આકારોને અછાંદસ દ્વારા કલાઘાટ આપતા અદ્યતન કવિતાનો નવ્ય ચહેરો ઊપસી આવે છે. ગીત-ગઝલ સ્વરૂપમાં પણ પરિવર્તન આવ્યું. તેમાંય ગ્રામ્ય વાતાવરણ અને તળપદ ભાવો ઉમેરાતાં, તેના આંતર-બાહ્યરૂપો ફરી જતાં ગીત નવાં નવાં પરિમાણો પામ્યું. ગીતોમાં રોમેન્ટિક અભિગમ દાખવતાં લોકભાવો અને લોકભાષા વિષયાનુરૂપ સાથે પૂરું સૌંદર્ય પ્રગટતું જોવા મળે છે. ગઝલોમાં ઇશ્કેમિજાજી અને ઇશ્કેહકીકીના ભાવવિશ્વને સ્થાને અમૂર્તભાવો આલેખાવા લાગ્યા. મનોગત ભાવોનો અનુભવ,સામાજિક અન્યાય-નગરજીવનની ભીંસ આ ગાળાની કવિતામાં વારંવાર પ્રગટે છે. સ્વાતંત્ર્યોત્તર ગુજરાતી કવિતાના દરેક તબક્કે પ્રયોગખોરી કે પ્રયોગશીલતા કે પરંપરાદાસ્યનાં વલણો જોવા મળે છે. આ સંકલન સ્વાતંત્ર્યોત્તર ગુજરાતી સાહિત્યમાં કવિતાક્ષેત્રે કેવી કેવી અને શી ઉપલબ્ધિઓ થઈ તેની જિજ્ઞાસા પણ સંતોષશે.

**અક્ષરા : સ્વાતંત્ર્યોત્તર ગુજરાતી કવિતા**
સંપાદન : યોસેફ મૅકવાન પૃ.254 રૂ.85 (પહેલી આવૃત્તિ 2007)




સ્વતંત્રતા પછીનાં પચાસ વર્ષના ગાળાની ગુજરાતી કવિતાને કોઈ એક ઓળખચિહ્ની લગાડવી મુશ્કેલ છે. આનું એક મુખ્ય કારણ એ છે કે વીસમી સદીના ઉત્તરાર્ધમાં ગુજરાતી કવિતાની ગતિ કેન્દ્રગામી કરતાં વધુ તો કેન્દ્રત્યાગી રહી છે અને એટલે કોઈ પ્રવૃત્તિ, વૃત્તિ કે વ્યક્તિને આ ગાળાના કેન્દ્રસ્થાને સ્થાપવાનું મુશ્કેલ છે. પરિણામે ગાળાની કવિતાને અમુક કે તમુક યુગની કવિતા તરીકે ઓળખાવવાનું શક્ય નથી.

વીસમી સદીના ઉત્તરાર્ધની કવિતામાંથી પસંદ કરેલી કૃતિઓનો આ સંચય છે એ અર્થમાં 'ઉત્તરાયણ' એ જ. આ કવિતા અંગે વિચાર કરતી વખતે પહેલી વાત ધ્યાનમાં આવે છે તે તેની કેન્દ્રત્યાગી તાસીર. સ્વાતંત્ર્ય-પ્રાપ્તિ, ગાંધીહત્યા, ગુજરાતના અલગ રાજ્યની સ્થાપના, આઝાદી પછીનાં વર્ષોમાં બનેલા અનેક રાજકીય બનાવો, દેશના આર્થિક વિકાસનો પ્રયોગ, પડોશી દેશો સાથેનાં યુદ્ધો, સમાજજીવનમાં આવેલાં પરિવર્તનો વગેરે બાહ્ય પરિબળોનો સ્પર્શ વીસમી સદીના ઉત્તરાર્ધના આપણા કવિને થયો પણ તેમાંનું કોઈ પરિબળ તેની કવિતામાં કેન્દ્રસ્થાને નથી રહ્યું. આ ગાળામાં સાહિત્યિક વાદ, વિચારણા, વલણ વગેરેની વિવિધતા પણ જોવા મળી છે. અનેક નવા કવિઓ લખતા થયા. દલિત કવિતા અને નારીવાદી કવિતા જેવી નવી ધારાઓ આ સમયગાળામાં વહેતી થઈ. પ્રતીકવાદી, પ્રયોગવાદી, આકૃતિવાદી, 'શુદ્ધ' કવિતાની બોલબાલા રહી, પણ તેમાંનો કોઈ વાદ કે વિચાર કેન્દ્રસ્થ ન રહ્યો.

ઉત્તરાયણની કવિતા પર પણ ગાંધીજી, ગાંધીદર્શન અને ગાંધીયુગના કવિઓની અસર રહેલી તો છે જ, પણ તે ઉત્તરોતર ઓછી ને ઓછી થતી આવી છે. ગેયકવિતાની પરંપરા તો છેક મધ્યકાલીન ગુજરાતી કવિતાના આરંભથી ચાલતી આવી છે. ગેય કવિતા છાંદસ કવિતા અને ગઝલની સાથે ઉત્તરાયણની કવિતામાં ચોથો નવો પ્રવાહ આવી ભળ્યો તે અછાંદસ કવિતાનો. છંદની પ્રવાહિતા સાધવાના પ્રયોગો અને પ્રયત્નો તો લગભગ અર્વાચીન કવિતાના આરંભથી જ થઈ ચૂક્યા હતા. વીસમી સદીના ઉત્તરાર્ધમાં છંદોબદ્ધ કવિતાનું પ્રમાણ ઉત્તરોતર ઓછું ને ઓછું થતું ગયું. તેની સાથોસાથ સૉનેટ અને ખંડકાવ્ય જેવા છંદોબદ્ધ કાવ્યપ્રકારોનું ચલણ પણ ઘટ્યું. અછાંદસ કવિતા સામે છંદોબદ્ધ કવિતા લગભગ ઢળી પડી, જ્યારે ગીત અને ગઝલ થોડા વખત માટે હચમચી ઊઠ્યાં ખરાં, પણ ઢળી પડ્યાં નહીં. એટલું જ નહીં, સર્જકતાના ઉન્મેષો તેમ જ લોકપ્રિયતાની દષ્ટિએ પણ વધુ તેજસ્વી બની રહ્યાં. વિષય, ભાવ, ભાષા, લય, શબ્દ પસંદગી, લઢણ વગેરેના ઘણા જૂના જામા ઉતારી આ બન્ને પ્રકારોએ નવા વાઘા ધારણ કર્યા. વીસમી સદીના ઉત્તરાર્ધના આરંભે થોડો વખત ગઝલને ઉપેક્ષા અને ઉદાસીનતાનો સામનો કરવો પડ્યો. પણ આ વલણ અલ્પજીવી નીવડ્યું. કેટલાક નામી કવિઓએ ગઝલને જૂની ઘરેડમાંથી બહાર કાઢી તેને આધુનિક જીવન, જગત, અનુભવ અને ભાષાના ઉંબર આગળ આણી દીધી.

ગુજરાતી સાહિત્યમાં બધાં સ્વરૂપોમાંથી વીસમી સદીના ઉત્તરાર્ધમાં સૌથી વધુ ઊથલપાથલ, ચડતીપડતી, લીલીસૂકી, વિવેચનની હૂંસાતૂસી કદાચ કવિતાએ જોઈ છે. ગુજરાતી કવિતામાંથી આ સંપાદન માટે પ્રતિનિધિ ગણી શકાય એવી કૃતિઓ 1947થી 2000નાં વર્ષ દરમ્યાન પ્રગટ થયેલાં પુસ્તકોમાંથી પસંદ કરાઈ છે. આ સંપાદન ઉત્તરાયણની ગુજરાતી કવિતાની ગતિવિધિનો આલેખ આપી રહેશે.

**ઉત્તરાયણ :** 1947થી 2000 સુધીની ગુજરાતી કવિતાનો પ્રતિનિધિ સંચય
સંપાદન : દીપક મહેતા પૃ.224 રૂ.100 (પહેલી આવૃત્તિ 2008)

# સ્વાતંત્ર્યોત્તર ગુજરાતી વાર્તાનું એક મહત્વનું સંકલન : 'ઉર્વરા'




ગુજરાતી ટૂંકી વાર્તાના ઉદ્ગમને આજે સો વર્ષ થઈ ચૂક્યાં છે. ગુજરાતી વાર્તાનો આ સો વર્ષનો ગાળો ભારતીય ટૂંકી વાર્તાના ઇતિહાસને સન્દર્ભે પણ મહત્વનો છે. કારણ કે દેશની બધી જ ભાષાઓમાં ટૂંકી વાર્તા અમુક અપવાદ સિવાય સો વર્ષથી વધારે જૂની નથી. વીતેલી એક સદી દરમિયાન માનવછબિ કઈ રીતે બદલાતી ગઈ, સ્ત્રીપુરુષ વિશેના ખ્યાલો કઈ રીતે બદલાતા ગયા, ઉચ્ચ વર્ગથી માંડીને તળ સુધીના માનવીઓ એકમેકને કેવી રીતે નિહાળતા ગયા એનું પ્રતિબિંબ આ ગાળાની વાર્તાઓમાં મળી આવે છે. આ સમ્પાદનમાં 1947 પછીના છ દાયકાની ચૂંટેલી ગુજરાતી વાર્તાને સ્થાન અપાયું છે. પન્નાલાલ પટેલથી માંડીને અજિત ઠાકોર સુધી કુલ સાડત્રીસ વાર્તાકારોની ચૂંટેલી વાર્તાઓ આ સંકલનમાં સંગૃહિત થઈ છે. આ વાર્તાઓમાં સમયકાળ અનુસાર માનવીય સંવેદનોના પરિવર્તનનું ચિત્ર મળે છે અને પરમ્પરાગતથી માંડીને આધુનિકતાનો પ્રવાહ પણ આ એમાં સુપેરે વહેતો જોવા મળે છે.

**ઉર્વરા : સ્વાતંત્ર્યોત્તર ગુજરાતી વાર્તા**
સંપાદન : શિરીષ પંચાલ પૃ.500 રૂ.145 (પહેલી આવૃત્તિ 2008)

# ઊડિયા સાહિત્યના અગ્રણી લેખકની ઉત્તમ ટૂંકીવાર્તાઓનો સંગ્રહ




વીસમી સદીના ભારતીય સાહિત્ય અને સંસ્કૃતિના ક્ષેત્રમાં **ગોપીનાથ મહાંતિ**નું પ્રદાન ઘણું છે. તેમને ભારતીય જ્ઞાનપીઠ પુરસ્કાર એનાયત થયો હતો. ઓરિસ્સાના ગ્રામજીવનનો પરિચય, આદિવાસી અને બીજા કચડાયેલા વર્ગના લોકોના જીવનનું ચિત્ર તેમની નવલકથાઓ અને ટૂંકીવાર્તાઓની શક્તિનો સ્રોત છે. તેમની ભાષા મોટા ભાગે કાવ્યભાષા છે, જેમાં સાધારણ માણસોની બોલીનો ઉપયોગ પણ કરવામાં આવ્યો છે. તેમની બધી વાર્તાઓનાં ચરિત્રો કોઈ ને કોઈ માણસ છે જેને એ મળ્યા છે, તેને જોયો છે, જેની જિંદગીને નજીકથી જોઈ છે. દરેક વાર્તા કોઈ ને કોઈ સાચી ઘટના પર આધારિત છે. આ સંકલનમાં એમની સત્તર ચૂંટેલી ટૂંકીવાર્તાઓનું સંપાદન કરવામાં આવ્યું છે. જ્ઞાનપીઠ પુરસ્કાર સન્માનિત ભારતીય સાહિત્યના પ્રખ્યાત કવિ અને ચિંતક ડૉ. સીતાકાન્ત મહાપાત્રે આ સંગ્રહનું સંપાદન કર્યું છે. તેમણે વાર્તાઓની પસંદગી કરતી વેળાએ ગોપીનાથના લાંબા વાર્તાકાર તરીકેની જિંદગીના જુદાજુદા સમયની વાર્તાઓ, જુદીજુદી શૈલી, ચરિત્ર-ચિત્રણ અને સામગ્રિક આવેગ - એ બધાંને નજરમાં રાખીને તેમના વાર્તાજગતના ભાતભાતના વૈચિત્ર્યને ભાવકોની સામે મૂકવાનો પ્રયત્ન કર્યો છે. અનુવાદિકા ડૉ. રેણુકા સોનીએ મૂળ ઊડિયા ભાષામાંથી ગુજરાતી અનુવાદ કર્યો છે.

**ગોપીનાથ મહાંતિની ટૂંકીવાર્તાઓ**
અનુવાદ : રેણુકા શ્રીરામ સોની પૃ.216 રૂ.85 (પહેલી આવૃત્તિ 2008)

# વડોદરા પુસ્તક મેળો




નેશનલ બુક ટ્રસ્ટ દ્વારા વડોદરા ખાતે પોલો ગ્રાઉન્ડમાં 27 ડિસેમ્બર 2008થી 4 જાન્યુઆરી 2009 દરમિયાન પુસ્તક મેળાનું આયોજન થયું. વડોદરા જિલ્લા અધિકારી શ્રી વિજય નેહરાએ આ મેળાનું ઉદ્ઘાટન કર્યું હતું. શ્રી નેહરાએ તેમના ઉદ્ઘાટન ભાષણમાં નેશનલ બુક ટ્રસ્ટની પુસ્તકોના પ્રચાર–પ્રસાર પ્રવૃત્તિઓની પ્રશંસા કરી. તેમણે બાળકોને આ અવસરનો ખાસ લાભ લેવા પ્રોત્સાહિત કરતાં કહ્યું કે "વાંચશો–લખશો તો બનશો નવાબ, ને માત્ર ખેલકૂદમાં મંડયા રહેશો તો બનશો ખરાબ." પોતાના સંબોધનમાં શ્રી નેહરાએ વાચનનું મહત્વ સ્પષ્ટ કરતાં કહ્યું કે રમતગમતની સાથોસાથ વાંચવું પણ ખૂબ જરૂરી છે.

કાર્યક્રમના આરંભે ટ્રસ્ટના સંયુક્ત નિયામક શ્રી અમર મુદિએ સૌનું સ્વાગત કર્યું હતું. સ્વાગત સંબોધનમાં તેમણે એન.બી.ટી.ની પ્રવૃત્તિઓ અને કાર્યક્રમોની વિગતે માહિતી આપી હતી. ઉદ્ઘાટન સમારોહનું સંચાલન ટ્રસ્ટના ઉપ નિયામક શ્રી ઈમરાનુલ હકે કર્યું અને ઉપ નિયામક (પ્રદર્શન) શ્રી વિજય પાલે આભારવિધિ કરી હતી. આ મેળામાં દેશભરના ચાળીસ પ્રકાશકો–પુસ્તક વિક્રેતાઓએ સ્ટોલ લગાડયા હતા.

## 32મો રાષ્ટ્રીય પુસ્તક મેળો : પટણા

બિહારના પાટનગર પટણામાં 8-16 નવેમ્બર 2008 દરમિયાન રાષ્ટ્રીય પુસ્તક મેળો યોજાયો. રાજ્યના મુખ્યમંત્રી શ્રી નીતિશકુમારે મેળાનું ઉદ્ઘાટન કર્યું હતું. આ પ્રસંગે ટ્રસ્ટનાં નિયામક શ્રીમતી નુજ્હત હસને સ્વાગત પ્રવચન કર્યું હતું. શહેરના ગાંધી મેદાનમાં યોજાયેલા આ મેળામાં દરરોજ 'તમારા પ્રિય લેખકને મળો' કાર્યક્રમો તથા અન્ય સાહિત્યિક કાર્યક્રમો યોજાયા હતા. જેમાં પ્રસિદ્ધ લેખક–સાહિત્યકારો સર્વશ્રી અશોક વાજપેયી, ગંગાપ્રસાદ વિમલ, મેનેજર પાંડેય, કેદારનાથ સિંહ અને શાયર શહરયાર વગેરેએ ભાગ લીધો હતો. બિહાર સરકાર અને પટણા જિલ્લા પ્રસાશનના સહકારથી યોજાયેલા આ મેળામાં દેશના વિવિધ પ્રદેશોના અનેક પુસ્તક વિક્રેતા–પ્રકાશકોએ પોતાના સ્ટોલ લગાડયા હતા. લાખો પુસ્તકપ્રેમીઓએ આ મેળાનો ભરપુર લાભ લીધો હતો. નેશનલ બુક ટ્રસ્ટ દ્વારા આયોજિત આ 33મો અને પટણામાં સતત ત્રીજી વારનો રાષ્ટ્રીય પુસ્તક મેળો હતો.

## 33મો રાષ્ટ્રીય પુસ્તક મેળો : પૂણે

પૂણે (મહારાષ્ટ્ર)માં 29 નવેમ્બરથી 7 ડિસેમ્બર 2008 સુધી રાષ્ટ્રીય પુસ્તક મેળો યોજાયો. મરાઠી પુસ્તક પરિષદના સહકારથી યોજાયેલા આ મેળામાં દેશના વિવિધ પ્રદેશોના લગભગ 130 પુસ્તક વિક્રેતા–પ્રકાશકોએ સ્ટોલ લગાડયા હતા. પ્રખ્યાત સાહિત્યકાર શ્રી ચંદ્રકાન્ત દેવતાલેએ મેળાનું ઉદ્ઘાટન કર્યું હતું. નેશનલ બુક ટ્રસ્ટ દ્વારા આયોજિત આ 33મો રાષ્ટ્રીય પુસ્તક મેળો હતો.

# પુસ્તક પ્રકાશન તાલીમ કોર્સનું આયોજન






નેશનલ બુક ટ્રસ્ટ કાર્યાલય 'નહેરુ ભવન' ખાતે પુસ્તક પ્રકાશન તાલીમ કોર્સનું આયોજન કરવામાં આવ્યું. 2થી 27 ફેબ્રુઆરી 2009 દરમિયાન યોજાયેલ ચાર અઠવાડિયાના આ કોર્સમાં લગભગ ચાળીસ તાલીમાર્થીઓએ ભાગ લીધો હતો.

ટ્રસ્ટના અધ્યક્ષ પ્રો. વિપિન ચન્દ્રાએ તાલીમ કાર્યક્રમનું ઉદ્દ્ઘાટન કર્યું. આ પ્રસંગે તેમણે કહ્યું કે પુસ્તકને બજાર સુધી લાવવાની પ્રક્રિયામાં એક લેખકની જે ભૂમિકા હોય છે એવી જ મહત્વની ભૂમિકા એ પુસ્તક સાથે સંકળાયેલ સંપાદક, પ્રકાશક અને પુસ્તક–વિક્રેતાની પણ હોય છે. આ ત્રણેયના પૂરેપૂરા સંયોજનથી જ પુસ્તકનું પ્રકાશન, તેનું માર્કેટિંગ અને વેચાણ ઠીક રીતે થઈ શકે છે.

આ અવસરે વક્તા શ્રીધર બાલને ટ્રસ્ટ દ્વારા છેલ્લાં બાર વરસથી સતત આયોજિત થઈ રહેલ પુસ્તક પ્રકાશન તાલીમ કાર્યક્રમની પ્રસંશા કરી. તેમણે તાલીમાર્થીઓને કહ્યું કે પ્રકાશન ઉદ્યોગ દર વર્ષે નેવું ટકાના દરે વિકાસ કરી રહ્યો છે અને આ ઉદ્યોગને સંપાદન, સજાવટ, વેચાણ તથા માર્કેટિંગ જેવાં વિવિધ ક્ષેત્રોમાં તાલીમ પામેલા કુશળ લોકોની ખૂબ જરૂરિયાત છે. આ પ્રસંગે ટ્રસ્ટના મુખ્ય સંપાદક અને સંયુક્ત નિયામક ડૉ. બલદેવ સિંહ અને સંયુક્ત નિયામક (ઉત્પાદન) શ્રી સતીશ કુમાર ઉપસ્થિત હતા.

# 'બાળસાહિત્યનું આદર્શ પુસ્તકાલય' વિશે ચર્ચા





નેશનલ બુક ટ્રસ્ટના રાષ્ટ્રીય બાલ–સાહિત્ય કેન્દ્ર દ્વારા યોજાતી માસિક ચર્ચાગોષ્ઠી અંતર્ગત 29 જાન્યુઆરી 2009ના દિને 'બાળકો માટેના સાહિત્યના આદર્શ પુસ્તકાલયની દિશામાં' વિષય પર સંગોષ્ઠી યોજાઈ. 'નહેરુ ભવન' ખાતે યોજાયેલ આ કાર્યક્રમમાં સાહિત્યકાર વિચારક ડૉ. રિમલી ભટ્ટાચાર્ય અને ડૉ. મૂર્તિમતિ સામંત્રેએ પોતાના વિચારો તેમજ અનુભવોની રજૂઆત કરી. ટ્રસ્ટનાં નિયામક શ્રીમતી નુજ્હત હસને બેઠકની અધ્યક્ષતા કરી હતી. લગભગ બે કલાક ચાલેલી આ ચર્ચાસભામાં શ્રોતાગણમાંથી પણ વિચારો અને મંતવ્યો તેમ જ સૂચનો રજૂ થયાં હતાં. રાષ્ટ્રીય બાલ સાહિત્ય કેન્દ્રના સંપાદક શ્રી માનસ રંજન મહાપાત્રએ અતિથિ વક્તાઓનો પરિચય આપ્યો હતો અને ટ્રસ્ટનાં પુસ્તકાલય અધિકારી શ્રીમતી મિથિલેશ અનંતે આભારવિધિ કરી હતી.

# નેશનલ બુક ટ્રસ્ટનાં કેટલાંક તાજેતરનાં આયોજનો વિશે

## બાળમાનસ અને સાહિત્ય પર પરિસંવાદ

ટ્રસ્ટ દ્વારા જયપુરમાં 20 નવેમ્બર 2008ના દિને 'બાળકોના સ્વસ્થ સંવેગાત્મક વિકાસ માટે પુસ્તક પ્રકાશન' વિષય પર એક દિવસના પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું. સુપ્રસિદ્ધ ચિંતક અને સાહિત્યકાર ડૉ. નંદકિશોર આચાર્યે પરિસંવાદનું ઉદ્દ્ઘાટન કર્યું હતું. ટ્રસ્ટનાં નિયામક શ્રીમતી નુજ્હત હસને સ્વાગત ભાષણમાં ટ્રસ્ટની પ્રવૃત્તિઓ અને બાળકોના બદલાતી જતી વાચન પ્રાથમિકતાઓ અંગે પ્રકાશ પાડયો હતો. જાણીતાં બાળમનોચિકિત્સક ડૉ. અરૂણા બ્રુટા અને બાળ સાહિત્યકાર શ્રી રમેન્દ્રકુમાર, કલ્પના જૈન વગેરેએ પોતાના વિચારો અને અવલોકનો રજૂ કર્યા હતાં.

## પુસ્તક લોકાર્પણ

ઈન્ડિયન કલ્ચર ફોર જાપાની કલ્ચર દ્વારા શ્રીલંકામાં 3 નવેમ્બર 2008 દિને જાપાનના સંસ્કૃતિ દિવસ નિમિત્તે નવી દિલ્હીમાં 'હિમાલય કી ગોદ મેં' કાર્યક્રમ યોજાયો. આ પ્રસંગે નેશનલ બુક ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત હિન્દી પુસ્તક 'જાપાન'નું વિમોચન કરવામાં આવ્યું. ટ્રસ્ટનાં નિયામક શ્રીમતી નુજ્હત હસન તથા ભારતમાં જાપાન સંસ્કૃતિ કેન્દ્રના નિયામક શ્રી હજિમુઈ મતુમોરાએ કાર્યક્રમમાં હાજરી આપી હતી.

## દહેરાદૂનમાં પુસ્તક પ્રદર્શન

ટ્રસ્ટ દ્વારા દહેરાદૂનમાં દૂન પુસ્તકાલય ખાતે પુસ્તક પ્રદર્શનનું આયોજન 11-17 નવેમ્બર 2008 દરમિયાન થયું. મોટી સંખ્યામાં પુસ્તકપ્રેમીઓએ લાભ લીધો હતો.

## ભોજપુરી ભાષા વિશે રાષ્ટ્રીય પરિસંવાદ

ભોજપુરી ભાષા અને સાહિત્ય પર કેન્દ્રીત પરિસંવાદ 18 ઓક્ટોબર 2008ના દિને પટણામાં યોજાયો. ટ્રસ્ટ દ્વારા આયોજિત એક દિવસના આ પરિસંવાદનું ઉદ્દ્ઘાટન ભારતમાં મોરેશિયસના હાઈકમિશ્નર શ્રી મુક્તેશ્વર ચુન્નીના હસ્તે થયું હતું. આ પરિસંવાદમાં ડૉ. મેનેજર પાંડે, ડૉ. નંદકિશોર નવલ તથા અન્ય વિદ્વાનોએ ભોજપુરી ભાષાના ઇતિહાસ, વિકાસ, સાહિત્ય અને સ્થિતિ અંગે વિચાર રજૂ કર્યા હતા.

## સાભાર સ્વીકાર

**શબ્દ સંનિધિ** (કલ્પના મોહન બારોટનો કાવ્યસંગ્રહ) ગીતો, છંદોબદ્ધ, અછાંદસ કાવ્યો, ઊર્મિગીતો, પ્રાર્થનાઓ, ગઝલો, હાઈકુ વગેરેનો સંગ્રહ. (પૃ.90 રૂ.40.00)

**શબ્દનાં વાવેતર** (થોભણ પરમારનાં કાવ્યોનો સંગ્રહ) છંદોબદ્ધ અને અછાંદસ કાવ્યો, ગીતો, ગઝલો, મુક્તકો, ક્ષણિકાઓ વગેરેનો સંગ્રહ. (પૃ.112 રૂ.80.00)

નેશનલ બુક ટ્રસ્ટ, ઈન્ડિયા **સંવાદ** ભારત સરકારના માનવ સંસાધન વિકાસ મંત્રાલય હેઠળ સંચાલિત સ્વાયત્ત સંસ્થા નેશનલ બુક ટ્રસ્ટ, ઈન્ડિયાનું મુખપત્ર છે.

આ પત્રિકામાં પ્રકાશિત લેખોમાં વ્યક્ત વિચારો સાથે ટ્રસ્ટનું સહમત હોવું જરૂરી નથી.

एकः सूते सकलम्

સંપાદક
ભાગ્યેન્દ્ર પટેલ

ઉત્પાદન સહયોગ
યોગેશ આનન્દ ગિરિ

નેશનલ બુક ટ્રસ્ટ, ઈન્ડિયા **સંવાદ** વિશે વાચકો પોતાના વિચાર-અભિપ્રાય-સૂચન સંપાદકને મોકલી શકે છે.

નેશનલ બુક ટ્રસ્ટ, ઈન્ડિયા તરફથી શ્રીમતી નુજ્હત હસન દ્વારા પુષ્પક પ્રેસ પ્રા. લિ. પ્રેસ, ઓખલા, નવી દિલ્હીમાં મુદ્રણ કરાયું અને 'નહેરુ ભવન' 5 ઈન્સ્ટીટ્યુશનલ એરિયા, ફેસ-II, વસંત કુંજ, નવી દિલ્હી-110070થી પ્રકાશિત.